પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૯ ૨ માર્ચ, ૨૦૧૭, ગુરૂવાર ; ફાગણ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બિનસબસીડીવાળા LPGના ભાવમાં વધારો

## સિલિન્ડરદીઠ ૮૬ રૂપિયાનો વધારો : સબસીડીવાળા ગેસ સિલિન્ડરમાં ૧૩ પૈસા સુધીનો વધારો



નવી દિલ્હી, તા.૧

બિનસબસીડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં આજે ૮૬ રૂપિયા સુધીનો જંગી વધારો ઝીંકવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય પ્રવાહને ધ્યાનમાં લઈને આ વધારો કરાયો છે. જોકે આ ભાવ વધારાથી એલપીજીના ગ્રાહકોને કોઈ અસર થશે નહીં. બિનસબસીડીવાળા એલપીજી સિલિન્ડર એ સિલિન્ડર છે જે ૧૨ સિલિન્ડર સબીસીડીની કિંમતે ખરીદવામાં આવ્યા બાદ ૧૩માં સિલિન્ડરની ખરીદી કરવામાં આવે છે. ૧૩માં સિલિન્ડરની ખરીદી હવે વધારે મોંઘી સાબિત થશે. તેની કિંમત ૭૩૭ રૂપિયા થશે.

તાજેતરના ઈતિહાસમાં આ સૌથી જંગી વધારો ઝીંકવામાં આવ્યો છે. આ અગાઉ પહેલી ફેબ્રુઆરીથી અમલી બને તે રીતે સિલિન્ડરની કિંમતમાં ૬૬.૫નો વધારો કરવામાં આવ્યો હતો. ઓકટબર ૨૦૧૬ બાદથી ભાવમાં સતત ફેરફાર થઈ રહ્યા છે. ભાવ વધારો ઝીંકવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને કોઈ અસર નહીં થાય પરંતુ ૧૩માં સિલિન્ડરની ખરીદી કરનારને આની અસર થશે.

સપ્ટેમ્બર મહિનામાં દિલ્હીમાં બિનસબસીડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત ૪૬૬.૫૦ રૂપિયા હતી. જેને ૬ ઈન્સ્ટોલમેન્ટમાં ૨૭૧ રૂપિયા સુધી વધારી દેવામાં આવી છે. ઓઈલ કંપનીઓએ

● અનુસંધાન પાન-૭ પર

# લોકપ્રિય હાસ્ય લેખક તારક મહેતાનું નિધન

### તારક મહેતાના કરોડો ચાહકોમાં આઘાતનું મોજુ : તેમના દેહને દાન કરવાનો પરિવાર દ્વારા નિર્ણય કરાયો : વર્ષ ૨૦૦૫માં તારક મહેતાને પદ્મશ્રીથી સન્માનિત કરાયા



અમદાવાદ,તા. ૧

ભારતમાં લોકપ્રિય મનોરંજન ચેનલ સબ ટીવી ઉપર વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા મારફતે દેશભરમાં અને વિદેશમાં ભારે લોકપ્રિય થયેલા લોકપ્રિય હાસ્ય લેખક તારક મહેતાનુ નિધન થતા તેમના કરોડો ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતું. બીજી બાજુ તેમના પરિવારના સભ્યોએ તેમના દેહને દાન કરવાનો નિર્ણય કરીને વધુ એક દાખલો તમામ લોકો માટે બેસાડી દીધો છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા દેશભરમાં સૌથી લોકપ્રિય સિરિયલ તરીકે રહી છે. આ સિરિયલે સફળતાના તમામ રેકોર્ડ તોડી દીધા છે. આ સિરિયલના કારણે તેમનુ નામ સમગ્ર દેશ અને દુનિયામાં લોકપ્રિય થયુ હતુ. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે તેમને પદ્મશ્રીથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તારક મહેતા છેલ્લા કેટલાક સમયથી અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં રહેતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# ઈમિગ્રેશન નીતિને કઠોર બનાવાશે : ટ્રમ્પ

### અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સંબોધન : અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા, બેરોજગારી ખતમ કરવા, આતંકવાદનો ખાત્મો બોલાવવા ડોનાલ્ડ ટ્રમ્પની ખાતારી : ભારતીયની હત્યાની કરેલી નિંદા



વોશિગ્ટન,તા. ૧

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય એન્જિનિયરની ઘાતકી હત્યાની જોરદાર નિંદા કરી છે. ભારતના એન્જિનિયરની હત્યા કરવામાં આવ્યા બાદથી ટ્રમ્પની ચારેબાજુ નિંદા થઈ રહી હતી. સાથે સાથે હાલમાં તેમની ઈમિગ્રેશન પોલીસીને લઈને પણ વ્યાપક ટિકા થઈ રહી છે. ૪૦ દિવસના ટ્રમ્પ વહીવટીતંત્રને જે નિર્ણયના કારણે હાલમાં સૌથી વધારે ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડી રહ્યો છે તે છે ઈમિગ્રેશન પોલીસી. સ્વાભાવિક રીતે જ ટ્રમ્પ પાસેથી આ નીતિના સંબંધમાં કોઈ ખુલાસાની અપેક્ષા વિશ્વના દેશો રાખી રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# જેલમાં શશીકલાને કોઈ વિશેષ સુવિધા નહીં મળે



બેંગલોર,તા. ૧

બેંગલોરની સેન્ટ્રલ જેલના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે અન્નાદ્રમુકના મહાસચિવ વી.કે. શશીકલાને જેલની અંદર અલગ કોઈ વિશેષ સુવિધા આપવામાં આવશે નહીં. અલગ બાથરૂમ, એસી, પાણી ગરમ કરવા માટે હીટર, એર કંડિશનર, પલંગ અને અન્ય સુવિધા આપવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો છે. જેલ અધિકારીઓએ આ જવાબ એવા સમયે આપ્યો છે જ્યારે એવા અહેવાલ આવી રહ્યા હતા કે શશીકલાને અલગ બાથરૂમ જેવી સુવિધા ઉપલ્ધ કરાઈ છે. ચેન્નાઈના એક વકીલ તરફથી આરટીઆઈ અરજી દાખલ કરીને જવાબની માંગ કરવામાં આવી હતી. સૂચનાના જવાબમાં પરપ્પના અગ્રહાર સ્થિત સેન્ટ્રલ જેલમાં અધિકારીએ કહ્યું છે કે એક ટીવી સેટ છોડીને શશીકલાને અન્ય કોઈ સુવિધા આપવામાં આવી નથી. તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના નજીકના સાથી તરીકે શશીકલા આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિના મામલામાં સુપ્રિમ કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા બાદ જેલની સજા ભોગવી રહ્યા છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં શશીકલાના અન્ય બે સાથીદારો પણ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. એમપી રાજાવેલાયુતમ દ્વાર દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં ડીઆઈજીએ માહિતી આપતા કહ્યું છે કે શશીકલાને કોઈ વધુ સુવિધાઓ આપવાની માંગને ફગાવી દેવાઈ છે. ૧૫મી ફેબ્રુઆરીના દિવસે શશીકલાને જેલ મોકલી દેવામાં આવ્યા હતા.

# હાર્વર્ડવાળાને હાર્ડવર્કવાળાએ પાછળ રાખ્યા છે : મોદી

### મહારાજગંજની ચૂંટણી રેલીમાં મોદી અસલ રંગમાં દેખાયા : પ્રથમ પાંચ તબક્કામાં ભાજપને બહુમતી મળી ચુકી છે હવે માત્ર બોનસની જરૂર છે : લોકો તમામનો સફાયો કરી ચુક્યા છે : નરેન્દ્ર મોદી



દેવરીયા,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી બાદ જીડીપીના સંદર્ભમાં આંકડાઓને લઈને વિરોધીઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રહારોનો આજે જોરદાર જવાબ આપ્યો હતો. મોદીએ ખોટા પ્રચાર કરવા બદલ વિરોધીઓને જવાબ આપતા કહ્યું હતુ કે દેશના ઈમાનદાર લોકો, ખેડૂતો અને યુવાનોએ જીડીપીના સુધાર મારફતે હાર્વર્ડ (યુનિવર્સિટી) અને હાર્ડવર્ક (સખત પરિશ્રમ)વાળાની વિચારધારા વચ્ચે અંતર હવે દેખાઈ આવે છે. મોદીએ કહ્યું હતું કે જીડીપીના આંકડાઓ હાર્વર્ડ હાર્ડવર્કવાળાઓની વિચારધારામાં અંતર દર્શાવી દીધું છે. મોદીએ અહીં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં આયોજિત રેલીમાં વિરોધ પક્ષો ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મહારાજગંજની ચૂંટણી રેલીમાં મોદી અસલ અંદાજમાં દેખાયા હતા. સાથે સાથે આગામી બે તબક્કામાં ભાજપ માટે ચૂંટણી બોનસ આપવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે પાંચ તબક્કામાં થયેલા મતદાનમાં ભાજપને બહુમતી મળી ચુકી છે અને આગામી બે તબક્કામાં હવે બોનસની જરૂર છે. મોદીએ કહ્યું હતુ કે લોકોએ

● અનુસંધાન પાન-૭ પર

# જ્વેલરી માટે માંગ વધતા સોનાની આયાતમાં વધારો

### ફેબ્રુઆરીમાં સોનાની આયાત ૫૦ ટન રહી : એક વર્ષ અગાઉની સરખામણીમાં હવે ૮૨ ટકાથી વધુનો વધારો : ફેબ્રુઆરી ૨૦૧૬માં આયાત ૨૭.૪ ટન હતી

મુંબઈ,તા. ૧

ભારતમાં ફેબ્રુઆરી મહિનામાં સોનાની આયાતમાં ઉલ્લેખનિય વધારો થયો છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં આ આંકડામાં સુધારો જોવા મળ્યો છે. સોનાની આયાત વધીને ૫૦ ટન સુધી પહોંચી ગઈ છે જે એક વર્ષ અગાઉની સરખામણીમાં વધારે છે. ખાસ કરીને જ્વેલરીની માંગમાં વધારો નોંધાયો છે. રિટેઈલ કન્ઝયુમરો લગ્ન પ્રસંગ માટે સોનાની ખરીદી માટે આગળ આવ્યા છે. વિશ્વના બીજા સૌથી મોટા સોનાના વપરાશકાર દેશ દ્વારા જ આયાતમાં વધારો થવા માટે અન્ય કેટલાક કારણો પણ છે. આયાતમાં વધારો થવાના લીધે વૈશ્વિક કિંમતોમાં વધુ સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સાડા ત્રણ મહિનાની ઉંચી સપાટી પર સોનાની કિંમત પહોંચી રહી છે. નવેમ્બર મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. આના લીધે સરક્યુલેશનમાં રહેલા ૮૬ ટકા નોટ બંધ થઈ ગયા હતા. ભ્રષ્ટાચાર, કાળા નાણાં, કરચોરી અને ટેરર ફન્ડીંગ જેવા દુષણને રોકવા માટે આ પગલાં લેવામાં આવ્યા હતા. ભારતની સોનાની આયાત ફેબ્રુઆરી ૨૦૧૬માં ૨૭.૪ ટન રહી હતી. આ વખતે બજેટમાં આયાત ડ્યુટીમાં ઘટાડાને લઈને પણ ચર્ચા રહી હતી. આ ફેબ્રુઆરી મહિનામાં લગ્નની સિઝનના પરિણામ સ્વરૂપે રીટેઈલ માંગમાં વધારો થયો હતો કારણ કે રોકડ સપ્લાયની સ્થિતિ સામાન્ય બની હતી. માર્ચ મહિનામાં આયાત ફરી એકવાર ઘટી શકે છે કારણ કે કિંમતોમાં ફરીવાર વધારો થઈ રહ્યો છે. સ્થાનિક માર્કેટમાં આજે ગોલ્ડ ફ્યુચરમાં કારોબાર પ્રતિ ૧૦ ગ્રામ ૨૯૩૮૦ રૂપિયા રહ્યો હતો.

# સટ્ટાબજારમાં ભાજપ હોટ ફેવરિટ

### ભાજપની લહેરની સામે પૈસા લગાવવાથી ખચકાટ : મહારાષ્ટ્રમાં શાનદાર જીત મળી ગયા બાદ સટોડિયાઓ ભાજપને બહુમતીની નજીક બેઠકો આપી રહ્યા છે

લખનૌ,તા. ૧

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાંચ તબક્કાનું મતદાન યોજાઈ ચુક્યું છે. સટ્ટાબજારમાં પણ હવે સટોડિયા સક્રિય થઈ ગયા છે. સટ્ટા બજારમાં હવે ભાજપ ઉપર મોટો દાવ રમાઈ રહ્યો છે. સટ્ટાબાજો દાવો કરી રહ્યા છે કે મહારાષ્ટ્ર મ્યુનિસિપલની ચૂંટણીમાં શાનદાર દેખાવ બાદ સટ્ટાબજારમાં ભાજપ બહુમતીની નજીક પહોંચી જશે. ભાજપને બહુમતીની નજીક પહોંચવા ઉપર હવે સટ્ટો રમાઈ રહ્યો છે. સટ્ટાબાજોના કહેવા મુજબ પાંચ તબક્કા માટે વોટીંગ થયા બાદ સટ્ટાબજારમાં ભાજપને ૧૮૦ બેઠકો મળવાનો દાવ લગાવવામાં આવી રહ્યો છે. આ પહેલા સટ્ટા બજારમાં ત્રિશંકુ વિધાનસભાનો અંદાજ મુકવામાં આવી રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### નિતિશકુમારના જન્મદિને પ્રધાનમંત્રીની શુભેચ્છા



બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારના ૬૬મા જન્મદિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેલીફોન પર તેઓને શુભેચ્છા પાઠવી હતી. સ્વસ્થ આરોગ્ય અને દિર્ઘાયુ માટેની કામના કરી હતી.

### યોગી આદિત્યનાથના સમર્થકો લાડુ વહેંચે છે




ઉત્તરપ્રદેશના સ્ટાર પ્રચારક અને ગોરખપુરના સાંસદ યોગી આદિત્યનાથના સમર્થકોએ બુધવારે સમગ્ર વિસ્તારમાં લાડુ વહેંચ્યા હતા. સમર્થકોએ આદિત્યનાથ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બને તેવી માનતા રાખી છે.

### અધિકારીના ઘરેથી સાત હજાર સાડી મળી



એન્ટી કરપ્શન બ્યુરોએ કર્ણાટકના હુબલીમાં કર્મસીયલ ટેક્સ કમિશનર કરીયપ્પાના ઘરે દરોડો પાડતા એક સાથે સાત હજાર કિંમતી સાડીઓ મળી હતી. જેની ગણતરી અને નોંધ કરવામાં છ કલાકનો સમય ગયો હતો જેની કિંમત કરોડો રૂપિયા થાય છે.

### એર ઈન્ડિયા વેચવાની તૈયારીમાં



કેન્દ્ર સરકાર હાલમાં એર ઈન્ડિયાનો ૫૧ ટકા હિસ્સો વેચવાની તૈયારી કરી રહી છે. એર ઈન્ડિયાને ખોટમાંથી બહાર કાઢવા નાણા મંત્રાલય અને પીએમઓ કક્ષાએ વાતચીતનો દોર આરંભાયો છે.

### તમામ બેંક એકાઉન્ટ નેટ બેંકિંગ સાથે જોડાશે



કેન્દ્ર સરકારે બેન્કોને આદેશ કર્યો છે કે ૩૧ માર્ચ સુધીમાં તમામ બેન્ક એકાઉન્ટને ઈન્ટરનેટ બેંકિંગ અને આધારકાર્ડ સાથે જોડી દેવા. માહિતી મુજબ ૩૩ ટકા એકાઉન્ટ નેટ બેંકિંગ સાથે હજુ જોડાયા નથી.

### પંજાબ નેશનલ બેંકના એટીએમમાં નકલી નોટ

પંજાબ નેશનલ બેંકના એટીએમમાંથી બે હજારની નકલી નોટ નીકળતા પુનઃ ચર્ચા જાગી છે. મેરઠમાં પ્રાયમરી સ્કૂલના ટીચર સુનિલ દત્તે એટીએમમાંથી બે હજારની પાંચ નોટ કાઢી જેમાંથી એક નકલી હતી.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

BUILT ON QDR TOYOTA Quality Revolution
www.toyotabharat.com
FLAWLESS LUXURY
EFFORTLESS POWER
ATTRACTIVE OFFER 0 Down Payment*



Presenting ALL NEW INNOVA CRYSTA LUXURY MEETS POWER
UPGRADE TO CRYSTA CLASS
Price Starts @₹15.32* Lacs
Dual Front SRS Airbags, ABS with EBD & Pretensioner Force Limiter [PTFL] standard across all Toyota cars
UNMATCHED WARRANTY | Q SERVICE | EXPRESS | TOYOTA SERVICE VALUE PACK | TRUST | TOYOTA ACCESSORIES | TOYOTA PROTECT | SMS TOYOTA A to 566776 | 24X7 ROADSIDE ASSISTANCE
INFINIUM TOYOTA • Ahmedabad (S.G. Road & Naroda) • Himmatnagar • Vadodara • Rajkot • Gandhidham • Mehsana
For Sales: 98250 24230/33
For Service: 079-66041400
Log on to pointart.Mobi from your mobile browser to download the PointART. Capture the Toyota logo and experience Toyota's products and services. Accessories shown in the ad may not be part of standard equipment. Please check with your dealer for more details. TKM (manufacturer) reserves the right to change the design, specifications and colours without prior notice.*T&Cs apply. Offer valid on select variants only. Finance at the sole discretion of financier. *Ex-Showroom price of GX Model, Ahmedabad.*Terms & Condition apply.